# ૧૮ સપ્ટેમ્બર –૨૦૧૬ (રવિવાર)

**(૧) સ્વદેશી બનાવટની વિનાશિકા 'મોરમુગાઓ' ને સમુદ્રમાં ઉતારવામાં આવ્યું :**

- ભારતીય નૌકાદળના સૌથી શક્તિશાળી વિધ્વંસક યુદ્ધ જહાજ મોરમુગાઓને સમુદ્રમાં ઉતારવામાં આવ્યું.
- મુંબઇના મરગાંવ યાર્ડમાં તેને લોન્ચ કરવામાં આવ્યું.
- સરકાર સંચાલિત મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (એમડીએલ) દ્વારા પ્રોજેક્ટ ૧૫–બી હેઠળ મોરમુગાઓ બનાવવામાં આવી છે.
- આ ડિસ્ટ્રોયરનો સમાવેશ વિશાખાપટ્ટનમ ક્લાસની ડિસ્ટ્રોયરમાં થાય છે.
- એમડીએલ દેશનું એકમાત્ર ડોક છે જે સબમરીન બનાવવાની ક્ષમતા ધરાવે છે.
- સંરક્ષણ મંત્રી મનોહર પારિકરના ગૃહરાજ્ય ગોવાના સૌથી જુન્ બંદર મોરમુગાઓ પોર્ટના નામ પરથી તેનું નામ નામ રાખવામાં આવ્યું છે.
- ડિસ્ટ્રોય મોરમુગાઓ ૩૦૦ કિમી મારક ક્ષમતા વાળી ૮ બ્રહ્મોસ મિસાઇલથી સજ્જ હશે તથા તેને રડાર પણ નહીં પકડી શકે.
- ૧૬૩ મીટર લાંબુ અને ૭૩૦ ટન વજન ધરાવતું આ યુદ્ધ જહાજ ૬૮ ટકા સ્વેદશી ટેકનીકથી બન્યું છે.
- ઝડપ : ૩૦ નોટની ઝડપે જઇ શકે છે.
- નૌકાદળના વડા : સુનિલ લાંબા

**(૨) દેશનું સૌથી મોટું ઇલેક્ટ્રીક ઉદ્યોગનું પ્રદર્શન :**

- ગુજરાતમાં વડોદરા ખાતે યોજાશે દેશનું સૌથી મોટું ઇલેક્ટ્રિક ઉદ્યોગનું પ્રદર્શન.
- ૬ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન આ પ્રદર્શન યોજાશે.
- ગુજરાતમાં સૌપ્રથમ વખત ઇન્ડિયન સ્ટેટ પાવર મિનિસ્ટર્સ કોન્ફરન્સમાં દેશના ૨૯ રાજ્યોના ઉર્જા મંત્રીઓની ઉપસ્થિતિ હશે.
- વિશ્વમાં ૨૫ થી પણ વધુ દેશોના ઉર્જામંત્રીઓની હાજરી ઉપરાંત ઉર્જા ક્ષેત્રના ૫૫ દેશોના મહાનુભાવો દ્વારા મુલાકાત થશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કયા યુદ્ધ જહાજને મુંબઇના મઝગાંવમાં લોન્ચ કરવામાં આવ્યું ?
- મોરમુગાઓ

(૨) એમડીએલ એટલે ?
- મરગાંવ ડોશ શિપબિલ્ડર્સ લિમિટેડ

(૩) બ્રહ્મોસ મિસાઇલની મારક ક્ષમતા જણાવો.
- ૩૦૦ કિ.મી.

(૪) યુદ્ધ જહાજનું 'મોરમુગાઓ' નામ કેમ પડ્યું ?
- ગોવાના સૌથી જૂના બંદર મોરમુગાઓ પોર્ટ પરથી

(૫) મોરમુગાઓની લંબાઇ કેટલી છે ?
- ૧૬૩ મીટર

(૬) નૌકાદળના વડા હાલમાં કોણ છે ?
- સુનિલ લાંબા

(૭) આગામી સમયમાં દેશનું સૌથી મોટું ઇલેક્ટ્રિક ઉદ્યોગનું પ્રદર્શન કયાં યોજાશે ?
- વડોદરા

(૮) કયાં સમય દરમિયાન વડોદરા ખાતે ઇલેક્ટ્રિલ ઉદ્યોગનું પ્રદર્શન યોજાશે ?
- ૬ થી ૧૦ ઓક્ટોબર

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧